જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૦/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૮૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૦૮ લીટર દેશી દારૂ, ૧૮૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૮ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૦૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૮૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૮૮/૨૦૨૫**

શાહપુરઃ હેમુભાઈ ગગજીભાઈ ચૌહાણ (રહે. ૧૯ ગ્રીન ફિલ્ડની ચાલી, જી.પી.ઓ.પાછળ, ઘી–કાંટા) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૦/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે હેમુભાઈ ચૌહાણના માતા તેમજ અન્ય સાહેદ શાહપુર મોટી હમામની પોળ ખાતે મંદિરે દર્શ કરવા ગયા હતા ત્યારે એક અજાણી મહિલા મળી હતી. જે મહીલાએ હેમુભાઈ ચૌહાણના માતા તેમજ અન્ય સાહેદને સિનીયર સિટીઝનને સરકારી સહાય અપાવવાની લાલચ આપી રિક્ષામાં બેસાડી ખોખરા હાટકેશ્વરબ્રીજ નીચે હનુમાનજી મંદિર ખાતે લઈ જઈ વિશ્વાસમાં લઈ જણાવેલ કે બેન્કમાં જવાનું હોય દાગીના પહેરેલ હશે તો સહાય નહી મળે તેમ કહી હેમુભાઈ ચૌહાણના માતાના હાથમાં પહેરેલ સોનાની વિંટી કિમત રૂપિયા ૨૫,૦૦૦/– તથા સાહેદના કાનમાં પહેરેલ સોનાની બુટ્ટી નંગ–૨ કિમત રૂપિયા ૪૦,૦૦૦/– મળી કુલ કિમત રૂપિયા ૬૫,૦૦૦/– કઢાવી તેની પાસે રાખી લઈ, તમે અહીયા ઉભા રહો મારો ભાઈ તમને બેન્કમાં લઈ જશે અને પૈસા અપાવશે તેમ કહી દાગીના લઈ આ મહીલા સબંધીને મળીને પરત આવું તેમ કહી ત્યાથી પલાયન થઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.વી.પટણી ચલાવે છે.

નવરંગપુરાઃ સેટેલાઇટ વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૦૨/૧૦/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહીલાના સંબંધીએ ધંધાર્થે મહીલા પાસેથી પૈસાની માંગણી કરી ધંધો સેટ થઈ જશે એટલે પૈસા પરત મળી જશે તેમ વાત કરી તા.૧૨/૦૫/૨૦૨૩ ના રોજ નરનારાયણ કોમ્પલેક્ષ સ્વસ્તિક ચાર રસ્તા નવરંગપુરા ખાતે મહીલાના સંબંધી તેમજ આસ્થા ક્રિએશનના ભાગીદાર પ્રિત પ્રદિપભાઇ કારિયા તેમજ સાગર ચેતનભાઇ કારિયા નાઓને એ ભેગા મહીલા પાસેથી કુલ રૂપિયા ૧,૭૫,૦૦,૦૦૦/– મેળવી લીધા હતા. ત્યારબાદ મહીલા એ આપેલ પૈસા માંગણી કરતા તેઓએ આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૩૮૯/૨૦૨૫**

ચાંદખેડાઃ ચાંદખેડા જગતપુર શાશ્વત ઈવાના નામની નવી બનતી સાઈટની લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા કમાબહેન કે જે મનેશભાઈ મંડોડની વિધવા પત્નિ (ઉ.વ.૩૫) (મુળ વતન. ગામ–ગુલબાર તા–ગરબાડા જી–દાહોદ) નાઓનો નવ વર્ષનો પુત્ર તા.૦૧/૧૦/૨૦૨૫ સાંજના આશરે છ વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાશ્વત ઈવાના સાઈટ ખાતે કોઈપણ માળથી ફાયરના કટના ભાગથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૦/૨૦૨૫ કલાક ૩/૧૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઇ સુકાજી ચલાવે છે.

જીવજંતુ કરડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૩૯૦/૨૦૨૫**

ઓઢવઃ ઓઢવ રાધિકા એસ્ટેટની સામે સિંગરવા સાગર કેમિકલની પાછળ ડિ–માર્ટની બનતી સાઇટ લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા વિકેશકુમાર રાજન માંઝી (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ–મીનાપુર થાના–ગરખા જી–છપરા બિહાર) નાઓ તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ રાતના રૂમમાં નીચે જમીન ઉપર સુતા હતા ત્યારે રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે વિકેશકુમાર માંઝીને જીવજંતુ કરડી જતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૦/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઇ ચલાવે છે.

પ્રાથમિક તપાસ દરમ્યાન વિકેશકુમાર માંઝીને કાનના ભાગે સાપ એ ડંખ માર્યા હોવાનું જાણવા મળ્યું હતું.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૩૯૧/૨૦૨૫**

રામોલઃ આકાશસીંગ ઉમેશસીંગ રાઠોડ (ઉ.વ.૨૩) (રહે. રઘુલીલા રેસીડન્સી તનમન ભાજીપાઉ ચાર રસ્તા પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૨૦૨૫ બપોરના ૧/૫૦ વાગ્યા પહેલા વસ્ત્રાલ "હોટલ રોયલ સીટી" ખાતે હોટલમાં રોકાણ કરી હોટલના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી